# ૭ નખ્ખમ્ ધખ્ખમ્ ધડાપડાબૂમ

C3C2K4


## ચાલો, ગાઈએ ગીતડું :

અંતર મંતર જંતર,
હું જાણું છું એક મંતર
તને ચકલી બનાવી દઉં,
તને કાગડો બનાવી દઉં!
જુઓ આ ટોપલી છે ખાલી,
એમાં પરી બેઠી છે મતવાલી...
મારી ટોપલીમાં જાદુ,
એમાં પરીને બેસાડું,
એનું સસલું બનાવી દઉં....છૂ!
અંતર...
જુઓ આ ગંજીફાની રમત,
એ રમતમાં છે મોટી ગમ્મત,
પહેલાં ગુલામ આવે છે
પછી રાણી આવે છે,
એનો બાદશાહ બનાવી દઉં...છૂ!
અંતર...
જુઓ આ છે નાના ઠીંગું,
એનું નામ પાડ્યું છે મેં પિન્ગુ,
પિન્ગુ ખૂબ દોડે છે,
મોટાં ઝાડ કૂદે છે.
એને લંબૂ બનાવી દઉં...છૂ!
અંતર મંતર જંતર...

- મહેન્દ્ર જોષી

## થોડું હસો ને! ચિત્રો જુઓ અને હસતાં હસતાં પ્રશ્નોના ઉત્તર આપો.





(૧) આ ચિત્રમાં તમને સૌથી વધુ શું ગમ્યું? (૨) કોણ કોણ ખુશ દેખાય છે? (૩) આ ચિત્ર કયા સમયનું હોય એવું લાગે છે? (૪) પતંગિયાં ઊડીને ક્યાં જશે? (૫) આ છોકરી અને બિલાડીનાં નામ પાડો. (૬) ઉપરનાં સ્માઈલી જોતાં તમને કોણ યાદ આવ્યું? કેમ ?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તમને નવા નવા વેશ ભજવવા ગમે? અહીં કોણે કયો વેશ ભજવ્યો તે સાંભળો, ગાઓ, સમજો, ભજવો.

### બમ બમ ભોલા



બા બેઠી'તી રસોઈ કરવા
લઈ એ પળનો લહાવો;
જટા બનાવી ભભૂત લગાવી
બચુ બન્યો ત્યાં બાવો....
બમ બમ ભોલા અલખ નિરંજન
હું છું ખાખીબાવો!
ભિક્ષા માટે આવ્યો મૈયા!
ચપટી આટો લાવો
રસોઈ એવી કશી ખપે ના,
નહીં મીઠાઈ-માવો,
વૈરાગીને ભોજન સાદું...
ખીચડી આટો ખાવો...
પૈસા, કપડાં કંઈ ન જોઈએ
ના જોઈએ સરપાવો,
મનમોજીલા બની અમારે
શિવજીનો જશ ગાવો!''
બા બોલી આજીજી કરતી;
''ચીપિયો ના ખખડાવો,
ઘરમાં હમણાં કોઈ નથી ને
મુજને ના બીવડાવો!''
''અચ્છા મૈયા હમ ચલતે હૈં''
કહીને ચાલ્યો બાવો ;
વેશ હટાવી થઈને ડાહ્યો
બોલ્યો: ''હું જ બન્યો'તો બાવો!''

**- નરોત્તમ વાળંદ**

- **વાતચીત :**
  - તમને આ ગીત સાંભળતાં ક્યારે ક્યારે મજા પડી?
  - તમારે ત્યાં માગવા આવનારને મમ્મી/પપ્પા શું શું આપે છે?
  - માત્ર ભીખ માગવાનું કામ કરતાં લોકોને ભીખ આપવી જોઈએ?
  - તમારા ગામમાં ભિક્ષા કે જમવાનું માગવા કોણ કોણ આવે છે? ક્યારે?
  - ભિક્ષા માગવા આવનારનો પહેરવેશ કેવો હોય છે?
  - તમને આ ગીતમાંથી કયા શબ્દો અને વાક્યો યાદ રહ્યાં તે બોલો.

## આપેલાં વાક્યો જેવો અર્થ ધરાવતી પંક્તિ ગીતમાંથી શોધીને બાજુમાં લખો.

(૧) મને ડરાવશો નહીં. ..........................................................................................



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૨) મમ્મીએ વિનંતી કરતાં કહ્યું. ........................................................................

(૩) મમ્મી રસોઈ કરતી હતી એ તકનો લાભ લઈને ................................................

(૪) કપડાં બદલી પહેલાં જેવો જ થઈને ...........................................................

(૫) મારે ગળી વસ્તુઓ જોઈતી નથી. ..............................................................

**'બમ બમ ભોલા' કવિતાની વાર્તા બનાવો અને કહો.**

**કવિતાના આધારે સંવાદ પૂર્ણ કરો અને તમારા મિત્રો સામે ભજવો.**

(મમ્મી રસોઈ કરતી હતી એ તકનો લાભ લઈને એમનું બાળક છાનુંમાનું ભભૂત લગાવી જટા બાંધે છે. સાધુ જેવાં કપડાં પહેરે છે. પછી ઘરના દરવાજે જઈ ચીપિયો ખખડાવે છે.)

ખાખી બાવો : બમ બમ ભોલા ......... હે માતાજી ! ભિક્ષામ્ દેહી .........

મમ્મી : ઊભા'રો મહારાજ, રોટલીશાક આપું?

ખાખી બાવો : હે મૈયા અમારે રસોઈ ...............................!

મમ્મી : તો મહારાજ, કોઈ કપડાંલત્તાં!

ખાખી બાવો : હે માતે! અમારે કોઈ વસ્તુ જોઈતી નથી માત્ર લોટ આપો.

............................................................

...................................... બમબમ ભોલે! અલખ ............................................

મમ્મી : (બંને કાન પર હાથ મૂકીને) મહારાજ! મહેરબાની કરીને ચીપિયો ન ખખડાવશો. હમણાં .......................................................

ખાખી બાવો : સુખી રહો! તેરા કલ્યાણ હો મૈયા! (બાવો બહાર જાય છે.)

મમ્મી : હાશ! ગયા. લાવ, દરવાજો બંધ કરી દેવા દે!

બાળક : (હાથમાં જટા લઈ, મોં લૂછતાં લૂછતાં) હેય મોમ! જોયું? ...................

**વાંચો અને સમજો અને લખો.**

- ભિક્ષા : દાન

૧. શિષ્યો આશ્રમમાં રહેતા અને ભિક્ષામાં મળેલું ભોજન આરોગતા.

૨. કર્ણ પાસે ભિક્ષા માંગવા આવેલું કોઈ ખાલી હાથે પાછું જતું નહિ.

૩. ..........................................................................................................

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આજીજી : વિનંતી, સવિનય પ્રાર્થના

  ૧. દર્દી પોતાનો રોગ મટાડવા ડૉક્ટરને આજીજી કરવા લાગ્યો.

  ૨. બાળકોએ પરીને આજીજી કરી કે અમને રાક્ષસથી બચાવો.

  ૩. ..........................................................................................

- વેશ : દેખાવ

  ૧. જન્મદિવસે મીનાક્ષી પરી જેવો વેશ પહેરીને નિશાળમાં આવી.

  ૨. ફેન્સી ડ્રેસની સ્પર્ધામાં મેં સૈનિકનો વેશ કાઢેલો.

  ૩. ..........................................................................................

⬡ નીચે આપેલી પરિસ્થિતિમાં તમે શું કરશો એ કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરીને લખો. **(આટો, સરપાવ, વેશ, આજીજી, મહેનત)**

૧. પપ્પાએ તમારો કાન જોરથી ખેંચ્યો. પછી ..............................................

૨. તમે બીજા ગામમાં ખોવાઈ ગયા છો ત્યાં ખાવાનું મળતું નથી, તમને ખૂબ જ ભૂખ લાગી છે. ..............................................................................

૩. તમારા ઘરની પાછળ કીડીનું દર (કીડિયારું) છે. ત્યાં ......................................

૪. પ્રજાસત્તાક દિને તમે નાટકમાં ગાંધીજી બન્યા છો. હું ગાંધીજીનો વેશ ધારણ કરીશ.

૫. નાટકમાં સરસ કામ કરવાને કારણે તમને ઇનામ મળવાનું છે. ..........................

⬡ આ વાક્યો મોટેથી બોલી બતાવો.

૧. બમ બમ ભોલા, અલખ નિરંજન! ૨. અચ્છા મૈયા, હમ ચલતે હૈં.

૩. ભિક્ષા માટે આવ્યો મૈયા! ૪. મુજને ના બીવડાવો!

- ગીતડું ગાઈશું ને ફરીથી? અંતર મંતર જંતર...

⬡ અહીં પહોંચતાં સુધીમાં આ એકમમાં જાદુની વાત આવી હતી? કહો. તે પછી 'આવ-જા' ની વાત સાંભળો, વાંચો.

## આવ આવ જા જા

'બમ બમ ભોલા' કવિતા ભણ્યા પછીના દિવસે તૃપ્તિ અને અંશુલે શિક્ષક પાસે જઈ પૂછ્યું, "અમે એક જાદુ કરીએ?" શિક્ષક કહે, "જાદુ? શી વાત છે, તમે જાદુ શીખી ગયાં?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જાદુગર બની ગયાં? વાહ! જોરદાર... કઈ રીતે? ક્યાં શીખ્યાં? કોણ છે તમારા ગુરુ?'' તૃપ્તિ-અંશુલના ગાલ તો ખુશી અને શરમથી ગુલાબી થઈ ગયા. અંશુલ કહે, ''શોધ્યા છે એક ગુરુ. પછી કહીએ તો ચાલે?''

શિક્ષક કહે, ''ચાલે નહીં, દોડે. પણ...'' આંખ મિચકારી તેમણે પૂછ્યું, ''જાદુ એટલે અસ્સલ જાદુ કે?''

તૃપ્તિ-અંશુલે એકબીજા સામે જોયું. પછી બંને એકસાથે બોલ્યાં, ''હા, હા, એ જ. તમે સમજ્યા તે જ જાદુ.''

શિક્ષક કહે, ''ભઈ વાહ! મજા આવશે. મને તો ચટપટી થાય છે.'' પછી તેમણે વર્ગ સમક્ષ મોં કરીને પૂછ્યું, ''જાદુ જોવો છે?'' આખા વર્ગે એકસાથે જવાબ આપ્યો, ''હા...આ.''

શિક્ષકે તૃપ્તિ-અંશુલના ખભે હાથ મૂકી તેમને આગળ કર્યાં અને કહ્યું, ''રજૂ થાય છે જાદુના ખેલ જેને રજૂ કરે છે જાદુગરણી તૃપ્તિ



અને જાદુગર...''

''અંશુલ'' વર્ગે વાક્ય પૂરું કર્યું.

તૃપ્તિએ ટેબલ પર સફેદ દુપટ્ટો પાથર્યો. અંશુલે એક જાડી બંગડી તેના પર સાચવીને મૂકી. તૃપ્તિ કહે, ''અમે ત્રાટક શીખ્યાં છીએ. અમે ધારીએ તે વસ્તુ ખસેડી શકીએ!''

અંશુલ ટેબલની આગળ ઊભો રહેલો. તે ટેબલને ડાબેથી જમણે અને જમણેથી ડાબે એમ ચાલતાં ચાલતાં બધાં સાથે વાતો કરતો હતો.

અંશુલ કહે, ''જુઓ, જુઓ, તમારો કંપાસ જુઓ. તમારી કોઈ વસ્તુ ગાયબ તો નથી થઈ ગઈ ને?''

તૃપ્તિ કહે, ''કદાચ તમારી વસ્તુ જાદુગર અંશુલના ખિસ્સામાંથી નીકળે.''

વર્ગનાં બાળકો તો ઉતાવળે દફતર ખોલી કંપાસ તપાસવા લાગ્યાં. જ્યોત્સ્ના રોતલ અવાજે કહે, ''મારી પેન્સિલ!''

અંશુલ જ્યોત્સ્ના પાસે ગયો. આખો વર્ગ ઊંચા જીવે અંશુલને જોઈ રહ્યો. અંશુલે જ્યોત્સ્ના પાસે જઈ પોતાનાં ખિસ્સાં ઊંધા કર્યાં. તેમાંથી કશું ન નીકળ્યું. અંશુલ કહે, ''મેં અત્યારે તો કાંઈ લીધું નથી. કેમ કે, હજી મંત્ર ભણવાનું પૂરું નથી થયું. જ્યોત્સ્ના, મારી વિદ્યા કહે છે કે તું પેન્સિલ ઘરે ભૂલી ગઈ છે.''

વર્ગનાં બાકીનાં બાળકો તો આંખો ફાડીને અંશુલને જોઈ રહ્યાં. તે વખતે તૃપ્તિ ટેબલની પાછળ હતી. તે મંત્ર જેવું બબડતી હતી અને

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

દુપટ્ટા ઉપર પોતાના હાથ ફેરવતી હતી.

અંશુલ કહે, ‘‘અમે એક ચોપડીમાંથી મંત્રો શીખ્યાં. તેમાં કહ્યા પ્રમાણે સાધના કરી. તેથી અમને આ વિદ્યા મળી.’’

બરાબર તે જ વખતે તૃપ્તિ બંને હાથની મુઠ્ઠી ગોળ ગોળ ફેરવતાં મોટેથી બોલી, ‘‘નખ્ખમ્ ધખ્ખમ્ ધડાપડાબૂમ્.’’ વર્ગનાં બધાં બાળકોનું ધ્યાન એકદમ તૃપ્તિ પર ગયું. અત્યાર સુધી તો બધાં અંશુલને જ જોઈ રહેલાં.

તૃપ્તિએ પોતાની મુઠ્ઠી બંગડી પર ખોલી, જાણે તેના પર કશુંક વેરતી ન હોય!

ટેબલ પાસે જઈ અંશુલે પેલી બંગડીમાં જામફળ મૂક્યું અને એકબાજુ એ ખસી ગયો.

તૃપ્તિ બોલી, ‘‘આવ, આવ.’’

તે સાથે જામફળ અને બંગડી તૃપ્તિ બાજુ ખસવા માંડ્યાં. તેની બહેનપણીઓ તો આભી બનીને જોતી જ રહી ગઈ. જામફળ છેક ટેબલની ધાર સુધી ખસ્યું. થોડી વાર પછી તૃપ્તિ કહે, ‘‘જા, જા!’’

જામફળ અને બંગડી સટાક કરતાં સામે છેડે પહોંચી ગયા. વર્ગનાં બધાં બાળકો તો એકદમ ચૂપ થઈ ગયાં. શિક્ષકે તાળી પાડી પછી બધાંએ તાળી પાડી.

અંશુલ કહે, ‘‘કોઈએ પોતાની વસ્તુ આપવી છે?’’

મયંકે તેનું રબર આપ્યું. અંશુલે તે રબર બંગડીમાં મૂક્યું. તૃપ્તિએ ફરી થોડી વાર માટે આંખ બંધ કરી. પછી કહે, ‘‘આવ!’’ તે સાથે જ બંગડી અને રબર તેની બાજુ ખસવા લાગ્યાં. તેણે કહ્યું, ‘‘જા જા.’’ રબર અને બંગડી તેનાથી દૂર જતાં રહ્યાં. વર્ગમાં ફરીથી કોઈ હાલ્યું કે ચાલ્યું નહિ. શિક્ષકે તાળી પાડી પછી બધાંએ તાળી પાડી. મયંકને તો રબર પાછું લેવામાં બીક લાગતી હતી!

તે પછી શિક્ષકે પોતાની ચાવી આપી. તે પણ ખસી.

જાદુ થઈ ગયા પછી શિક્ષકે તૃપ્તિ અને અંશુલને કહ્યું, ‘‘ખૂબ સરસ શીખી લાવ્યાં છો. હવે તમારી વિદ્યાની સાચી વાત બધાંને કહો.’’

તૃપ્તિ અને અંશુલ હસી પડ્યાં. વર્ગનાં બાળકોને કાંઈ સમજાયું નહીં. તારાએ પૂછ્યું, ‘‘વિદ્યાની સાચી વાત એટલે ? એમણે જે જાદુ કર્યો તે સાચો જ તો હતો!’’ મયંકે પૂછ્યું, ‘‘શું આ ખસેડવાનું ખોટું હતું?’’

શિક્ષક કહે, ‘‘જામફળ, રબર અને ચાવી ખસ્યાં તે સાચું પણ, તે કોઈ જાદુ નથી.’’ તેમણે તૃપ્તિ સામે જોયું.

તૃપ્તિએ આખી વાત સમજાવી :

પેલી બંગડીને એક છેડે મજબૂત સફેદ દોરો બાંધેલો હતો. બીજે છેડે ધોળું ઈલૅસ્ટિક, સફેદ દુપટ્ટા પર હોવાથી તે દેખાતાં ન હતાં. વળી, બાળકો જ્યારે પોતાનાં દફતર, કંપાસ તપાસતાં હતાં, અંશુલ જ્યારે જ્યોત્સ્ના પાસે હતો ત્યારે, મેં પેલા ઈલૅસ્ટિકને ટેબલ પરની


મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ખીલીમાં ફસાવી દીધેલું. તે ખીલીને સામે છેડે હું ઊભી રહી.''

બંગડીમાં વસ્તુ મૂકીને ''આવ-આવ'' કહેતી વખતે હું હાથમાં પેલો સફેદ દોરો લઈ બંગડીને મારી તરફ ખેંચતી. એટલે બંગડી અને તેની અંદરની વસ્તુ મારી બાજુ ખસતાં હતાં. પછી દોરો ઢીલો મૂકી હું ''જા, જા'' કહેતી.

સામે છેડે ખીલીમાં ફસાવેલું ઇલૅસ્ટિક બંગડીને પોતાની તરફ ખેંચતું એટલે વસ્તુ તે બાજુ જતી.''

વર્ગમાં બધાં બાળકોનાં મોં તો જોવા જેવાં થઈ ગયાં. મયંકે ઊભા થઈ કહ્યું, ''હું કરી જોઉં?''

તૃપ્તિએ તેને દોરો આપ્યો.

બંગડીમાં પોતાનું રબર મૂક્યું. મયંક કહે, ''આવ, આવ''

વર્ગનાં બાળકો કહે, ''જા, જા.''

મયંકે દોરો ખેંચ્યો. તેનું રબર તેની તરફ ખસ્યું. વર્ગનાં બધાં બાળકો જોરથી હસી પડ્યાં.

પછી મયંક કહે, ''જા, જા.''

વર્ગનાં બાળકો કહે, ''આવ, આવ.''

ફરીથી બંગડી અને રબર ખસ્યાં, મયંકની વિરુદ્ધ દિશામાં.

ફરીથી બધાં હસી પડ્યાં.

પછી તો ધારિકા, પ્રજ્ઞેશ, દિવ્યા, ફેનિલ, સાનિયા એમ બધાંએ ''આવ, આવ''-''જા, જા''ની રમત કરી. બધાંને ખૂબ મજા પડી.

શિક્ષકે તૃપ્તિ અને અંશુલને પૂછ્યું, ''બીજો કોઈ જાદુ આવડે છે?''

અંશુલ હસતાં હસતાં કહે, ''હા, ડાકણ કાપતાં આવડે છે.''

જયા, મયૂર અને ઋતુ તો 'ડાકણ' એટલું સાંભળતાં જ ગભરાઈ ગયાં!

હાર્દિક અને હેત્વીએ પૂછ્યું, ''જાદુ કે આગળ કર્યું હતું તેવું?''

શિક્ષકે કહ્યું, ''પહેલાં જુઓ અને પછી જાતે જ નક્કી કરો.''

''તો હે જાદુગર, જાદુગરણી કાપો ડાકણ!

કઈ વસ્તુ જોઈશે?''

તૃપ્તિ કહે, ''અમે બધી સામગ્રી લાવ્યાં છીએ.''

તેમણે જયા, મયૂર અને ઋતુને પોતાની પાસે બેસાડ્યાં.



અંશુલે ખિસ્સામાંથી લીંબુ કાઢ્યું ને કંપાસમાંથી છરી. આંખ બંધ કરી ભૂવા, ભગત, બાબાની જેમ તે ''આઉકકમ્ તાહુક્કમ્ ઘટ્ટ સટ્ટ છટ્ટ હુહુહુહુઉઉઉ.'' બોલવા લાગ્યો. પછી છરીથી લીંબુ કાપ્યું. લીંબુ કાપતાં તેમાંથી લોહી ટપકવા લાગ્યું. તે જ વખતે એક ચીસ સંભળાઈ. સાગર, માયા, નફીસા બોલી ઊઠ્યાં, ''ઓ મા!'' ઋતુએ આંખો પહોળી કરીને પૂછ્યું, ''ડાકણ મરી ગઈ?''

''આ એનું જ લોહી છે.'' તૃપ્તિએ ભયાનક અવાજમાં કહ્યું.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નરેન્દ્ર, મનસ્વી અને જોય કહે, ''હું કરું બહેન? મને ખબર પડી ગઈ આ કઈ રીતે કર્યું!''

શિક્ષક 'હા' પાડે તે પહેલાં મનસ્વી બોલી, ''ચપ્પુ પર કશુંક લગાવ્યું હશે.''

હિતેન્દ્ર કહે, ''લીંબુમાં કશુંક નાખ્યું હશે. ઈન્જેક્શન મારીને.''

શિક્ષકે અંશુલ સામે જોયું.

અંશુલ કહે, ''સાચી વાત.''

તૃપ્તિએ કપાસનું જીંડવું બતાવી કહ્યું, ''આનો રસ લગાવ્યો છે છરી પર.''

પછી તો મધ્યાહ્ન ભોજનના ઓરડેથી બીજું લીંબુ લાવી કપાસના જીંડવાનો રસ લગાડેલી છરીથી સાગરે કાપી જોયું. તેને મજા પડી ગઈ.

અશફાકે પૂછ્યું, ''બીજો કોઈ જાદુ આવડે?''

તૃપ્તિ કહે, ''માતાજીનાં પગલાં પાડતાં.''

આખો વર્ગ કહે, ''બતાવો, બતાવો.''

આ સાંભળીને કમુ હાથ જોડી બોલી, ''માતાજી મારી રક્ષા કરજો.''

તૃપ્તિ જે સફેદ દુપટ્ટો લાવી હતી તે વર્ગ વચ્ચે પાથર્યો. પછી પોતાના પગના તળિયે હળદરનો લેપ કર્યો. તેણે દુપટ્ટા પર ચાલવાનું શરૂ કર્યું. તે સાથે દુપટ્ટા પર કંકુ જેવા રંગનાં પગલાં પડ્યાં.

જયા કહે, ''મને ખબર છે, મને ખબર છે, દુપટ્ટામાં પણ કશુંક લગાવેલું છે.''

શિક્ષકે કહ્યું, ''હા... દુપટ્ટામાં પણ જાઆઆઆ દુઉઉઉ... છે.''

બધાં હસી પડ્યાં.

જયા કહે, ''ના, ના! જાદુ નહીં. કશીક વસ્તુ...''

તૃપ્તિએ કહ્યું, ''દુપટ્ટા પર ચૂનાનો ઝીણો ભૂકો છાંટેલો છે.''

તે દુપટ્ટા પર મયૂર, નફીસા અને સાગરે પણ પગલાં પાડ્યાં.

આખો વર્ગ તાળીઓ પાડતો રહ્યો.

કમુએ પણ તાળીઓ પાડી ને પછી પગલાં પણ!

## વાતચીત :

- તમને કયો જાદુ સૌથી વધુ ગમ્યો?
- આ પહેલાં તમે કયા કયા જાદુ જોયા છે?
- હવે તમને કોઈ જાદુ બતાવે ત્યારે શો વિચાર આવશે?
- જાદુ કે ચમત્કાર હોય?
- હવે તમે જાદુ કે ચમત્કારમાં માનશો? શા માટે?
- તમે જાદુ કે ચમત્કારથી કોઈ વખત છેતરાયાં છો?
- આવું બધું જોતી વખતે આપણે કેમ છેતરાઈ જઈએ છીએ?
- જાદુગરની ચાલાકી પકડવી હોય તો શું કરવું પડે?
- આ પાઠમાં આપેલા જાદુઓમાં કઈ કઈ યુક્તિઓ/ટ્રિક હતી?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાર્તાના આધારે વિધાનો સાચાં હોય તો 'વિદ્યા' અને ખોટાં હોય તો 'જાદુ' લખો.

.................. લાકડીમાં ફસાયેલું ઈલૅસ્ટિક બંગડીને પોતાની તરફ ખેંચતું હતું.

.................. તૃપ્તિને સફેદ રંગ ગમતો હોવાથી તે સફેદ દુપટ્ટો લાવી હતી.

.................. તૃપ્તિ અને અંશુલ ચમત્કારિક શક્તિવાળાં હતાં.

.................. તૃપ્તિ અને અંશુલ ખરેખર જાદુઈ મંત્ર જાણતાં હતાં.

.................. તૃપ્તિ દુપટ્ટાને ચૂનાના પાણીમાં બોળીને લાવી હતી.

- **એક...બે...ત્રણ...ગીતડા માટે તૈયાર...? 'અંતર મંતર જંતર...'**

## 'આવ આવ જા જા' વાર્તામાં એકવાર પગલાં પાડી આવો પછી પ્રશ્નોના ઉત્તર લખો.

૧. ટેબલ પર દુપટ્ટો પાથરતી વખતે અંશુલ શા માટે વાતો કરતો હતો?

૨. વસ્તુને પોતાની તરફ બોલાવવા અને પાછી મોકલવા માટે તૃપ્તિ ''આવ, આવ'' કે ''જા, જા'' ન બોલી હોત તો શો ફેર પડ્યો હોત?

૩. તૃપ્તિ મંત્ર શા માટે બોલી હશે?

૪. તૃપ્તિએ શું ન કર્યું હોત તો ડાકણ ન કપાઈ હોત?

૬. લીંબુમાંથી લોહી/લાલ પ્રવાહી શા માટે નીકળે છે?

૭. ડાકણ કપાઈ ત્યારે ચીસ કોણે પાડી હશે?

૮. દુપટ્ટા પર કંકુ જેવા રંગનાં પગલાં શા માટે પડ્યાં?

૯. કમુએ તાળીઓ શા માટે પાડી?

## સમાન અર્થ ધરાવતાં વાક્યો પાઠમાંથી શોધીને તેમનો પહેલો અને છેલ્લો શબ્દ લખો.

૧. જામફળ અને બંગડી તૃપ્તિથી વિરુદ્ધ દિશામાં જતાં રહ્યાં. ............ જામફળ ... પહોંચી ગઈ.

૨. ઓઢણી સરખી કરવાનો ડોળ કરતાં તેણે ઈલૅસ્ટિકને ખીલીમાં ભેરવ્યું હતું. .........

...........................................................................................

૩. ખીલીમાં ભેરવેલું ઈલૅસ્ટિક બંગડીને આકર્ષતું હતું. ........................................

૪. વસ્તુઓ ખરેખર (સાચેસાચ) ખસી પણ ચમત્કારથી નહીં. ...............................

૫. તૃપ્તિની સખીઓ આશ્ચર્યચકિત થઈ ગઈ. ...................................................

૬ એ ચૂંદડી પર ચાલી અને ખુશી પણ વ્યક્ત કરી. ..........................................

- **'અંતર મંતર જંતર....' કરી લઈએ ફરી એકવાર?**

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**અહીં ત્રણેય જાદુની ક્રિયાઓ ભેગી થઈ ગઈ છે તેમને છૂટી પાડી જુદાં જુદાં ખાનાંમાં લખો, પછી એના ક્રમ લખો. આ જાદુ કરવા માટે જરૂરી વસ્તુઓની નીચે લીટી કરો.**

દુપટ્ટા પર સફેદ બંગડી મૂકવી, કપાસના જીંડવાનો રસ ચપ્પુ પર લગાવવો. પગના તળિયે હળદર ઘસવી, ચૂનાના ઝીણા ભૂકાને ઓઢણી પર છાંટવું, ચપ્પુ લેવું, લાલ રંગનું પ્રવાહી ટપકવું, કંકુ જેવાં પગલાં પડવાં, બંગડી અને રબરનું ખસવું, જમીન પર દુપટ્ટો પાથરવો, ઈલૅસ્ટિકને ખીલીમાં ફસાવવું, દુપટ્ટા પર ચાલવું, એક લીંબુ લેવું, ટેબલ પર દુપટ્ટો પાથરવો.

| કાપો ડાકણ | 'આવ, આવ'-'જા, જા' | કંકુપગલાં |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

**આ એકમમાં આપેલા મંત્રો ઝડપથી બોલો પછી તમે ત્રણ નવા મંત્રો બનાવો. વર્ગમાં મોટેથી સંભળાવો.**

૧. ........................................................................................................

૨. ........................................................................................................

૩. ........................................................................................................

- **તમને કોનો બનાવેલો મંત્ર સૌથી વધુ ગમ્યો તે કહો.**

ગૃહકાર્ય : હું પણ જાદુગર! બે-ત્રણ બાળકો ભેગાં થઈને નાળિયેરમાંથી ચૂંદડી કાઢવાનો જાદુ શીખો. વડીલોને બતાવો. શું થયું એ વર્ગમાં કહો.

**ઉદાહરણ પ્રમાણે દરેક વાક્યની આગળ 'પહેલાં, 'હમણાં', 'હવે પછી' માંથી કોઈ એક વિકલ્પ લખો.**

ઉદાહરણ : **હમણાં** લીલાને ફટાકડા બનાવતાં આવડે છે. (આવડવું)

**પહેલાં** લીલા તેના પપ્પાને ફટાકડા બનાવતાં જોતી હતી. (જોવું)

**હવે પછી** લીલા ખૂબ સારી ફટાકડા બનાવનાર બનશે. (બનવું)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ................ - આસ્થા તેની મમ્મીની કમર સુધી પહોંચે છે. (પહોંચવું)
  ................ - આસ્થા તેની મમ્મીથી ઊંચી થઈ જશે. (જવું)
  ................ - આસ્થા મમ્મીને ઘૂંટણ લગી __________. (પહોંચવું)
- ................ - લોકો ઊડતા બાઈક પર નોકરી (__________.)
  ................ - લોકો બળદગાડામાં મુસાફરી (__________.)
  ................ - લોકો સ્કુટર, બાઈક, રિક્ષા, ટ્રેન, બસ, વિમાનમાં મુસાફરી (______.)
- ................ - જૂનમાં અમે પહેલો પાઠ (____________________.)
  ................ - વાર્ષિક પરીક્ષા પહેલાં અમે દસમો (____________________.)
  ................ - અત્યારે અમે સાતમો પાઠ (____________________.)
- ................ - મને અંગ્રેજી વાંચતાં (____________________.)
  ................ - મને ગુજરાતી વાંચતાં (____________________.)
  ................ - મને કશું પણ વાંચતાં (____________________.)

## રમતાં રમતાં શીખીએ.

જમીન પર ત્રણ કૂંડાળાં દોરો. એમાં અગાઉ, અત્યારે, હવે પછી લખો. ક્રિયાચિઠ્ઠીઓ બનાવી એક વિદ્યાર્થી ઊભો થઈ ચિઠ્ઠી વાંચશે. વર્ગના બાકીના વિદ્યાર્થીઓ 'અગાઉ', 'અત્યારે' અથવા 'હવે પછી' એમ બોલશે એ વખતે ઊભેલો વિદ્યાર્થી ચિઠ્ઠીમાં લખેલી ક્રિયા કરીને એને લગતું વાક્ય બોલશે.

ઉદાહરણ તરીકે ચિઠ્ઠીમાં લખ્યું છે : 'ઠેકડા મારવા' બાકીના વિદ્યાર્થીઓ 'અગાઉ' કહે તો અગાઉના કૂંડાળામાં જઈ ઠેકડા માર્યા પછી બોલશે : મેં ઠેકડા માર્યા. જો 'અત્યારે' બોલે તો 'અત્યારે' લખેલા કુંડાળામાં જઈ ઠેકડા મારતાં મારતાં બોલશે, હું ઠેકડા મારી રહી/રહ્યો છું. જો વિદ્યાર્થીઓ 'હવે પછી' એમ કહે તો 'હવે પછી'ના કુંડાળામાં ઠેકડા માર્યા પહેલાં બોલશે, 'હું ઠેકડા મારીશ.' આ ચોકઠામાં ક્રિયાચિઠ્ઠીઓનાં ઉદાહરણો આપ્યાં છે.

| | | |
|---|---|---|
| (૧) કૂદકા મારવા | (૨) તાળી પાડવી | (૩) ઊઠબેસ કરવી |
| (૪) કચરો વાળવો | (૫) ગીતડું ગાવું | (૬) ખડખડાટ હસવું |
| (૭) લંગડી કૂદવી | (૮) ફેરફુદરડી ફરવી | (૯) ચપટી વગાડવી |

વધુ મહાવરા માટે જરૂરિયાત મુજબ શિક્ષકે પોતાની અન્ય ક્રિયાચિઠ્ઠીઓ બનાવવી.

આ શબ્દો કયા કુંડાળામાં લખાય તે કહો.

- ગયા રવિવારે/અત્યારે/બે દિવસ પછી/ઈ.સ. ૨૦૩૪/૨૦૧૬/હમણાં
  આ શબ્દો કુંડાળામાં લખી, ચોકઠામાંથી એક ક્રિયા પસંદ કરી વાક્યો બોલો અને લખો.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**બંને પગના પંજા પર ઊભા રહો. હાથ ઊંચા કરો. આખું શરીર ખેંચાઈ જાય એ રીતે હાથને ઉપર કરો. સમય અને ક્રિયા સૂચવતાં વાક્યો બનાવો.**

| ક્રિયા | કેટલાક સમય પહેલાં | અત્યારે | કેટલાક સમય પછી |
|---|---|---|---|
| ઊંઘવું | મનીષ સાંજે ઊંઘ્યો. | મનીષ ઊંઘે છે. | મનીષ સાંજે ઊંઘી જશે. |
| હસવું | જોક સાંભળી રીટા······· | જોક સાંભળી રીટા હસે છે. | જોક સાંભળી રીટા···· |
| લખવું | શ્રેયાએ કાલે વાર્તા લખી. | | |
| | | દડો વાગતાં ઐશ્વર્યા રડે છે. | દડો વાગતાં ઐશ્વર્યા રડશે. |
| | અમે દીવાલ કૂદ્યાં. | | |
| કહેવું | | દાદી બધાંને વાર્તા કહે છે. | |
| તોડવું | | | લતા અને પરેશ કાચ તોડશે. |
| રસોઈ કરવી | પપ્પાએ ગયા રવિવારે રસોઈ કરી. | | |
| માન આપવું | | અમે વડીલોને માન આપીએ છીએ. | |
| નમન કરવું | | | |

**વાક્ય પૂરું કરો.**

| | | |
|---|---|---|
| ગઈકાલે | શર્મિષ્ઠા અને દિવ્યા ગાતાં | હતાં |
| આજે | બધા પ્રવાસીઓ બગીચામાં | હતા |
| આવતીકાલે | વિદ્યાર્થીઓ નાટક કરવાના | હશે |
| | મારે ઘણું લેસન | છે |

૧. ગઈકાલે વિદ્યાર્થીઓ નાટક ........................................

૨. આજે બધા પ્રવાસીઓ ........................................

૩. આવતીકાલે શર્મિષ્ઠા અને દિવ્યા ........................................

૪. આજે સવારે મારે ........................................



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આ વાત બીજા કોઈ સમયે કહેવાની થાય તો કેવી રીતે કહેવાય? લખો.

| અગાઉ | અત્યારે | હવે પછી |
|---|---|---|
| રક્ષાબંધન પર ફોઈ આવ્યાં હતાં. તેમણે પપ્પાને, મમ્મીને અને મને રાખડી બાંધી હતી. | | |
| | મારી પાસે એક મસ્ત ટી-શર્ટ છે તેના પર એક પણ ખિસ્સું નથી. | |
| | | અમે બધાં, ગાજર, લીલા ધાણા અને લીલાં શાકભાજી ખાઈશું. આમળાં અને નારંગી જ નહીં કારેલાં સુદ્ધાં ખાઈશું એટલે અમને ચશ્માંના નંબર નહીં આવે. |
| | | બચ્ચાંનાં મા-બાપ હમણાં જ પાછાં ફરશે. |
| | | ઊંચે તે આભેથી લાવીને તારલા. ધરતીને ખોળે ખંખેરવા જી રે. |

## આપેલાં વાક્યોમાં જો આ ક્રિયા અગાઉ થયેલી હોય તો બાજુમાં આપેલા ચોરસમાં ← , હાલમાં ક્રિયા ચાલી રહી હોય તો ↔ , અને જો હવે પછી ક્રિયા થવાની હોય તો → , ની નિશાની કરો.

**ઉદાહરણ :** તૃપ્તિએ સફેદ દુપટ્ટો પાથર્યો. ←

૧. સ્વામી અમારો જાગશે.

૨. મને જાદુ આવડે છે.

૩. બા બેઠી'તી રસોઈ કરવા.

૪. સિંહ જંગલમાં જતો રહેશે.

૫. છે નાજુક ને નમણાં હરણાં!

૬. ફરફરતી મૂછ ઊગી એક.

*વર્ગના બધા વિદ્યાર્થીઓના 'અગાઉ' 'અત્યારે' અને 'હવે પછી' જેવાં ત્રણ જૂથ બનાવો. પછી તમે ગમે તે એક ક્રિયા બોલો.*

*'અગાઉ' જૂથ બોલશે : ખાધું. 'અત્યારે' વાળા કહેશે : ખાઉં છું, 'હવે પછી'વાળા બોલશે : ખાઈશ.*

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બૉર્ડ પર આ રીતે લખવું.

| ક્રમ | ક્રિયા | અગાઉ | અત્યારે | હવે પછી |
|---|---|---|---|---|
| ૧ | ખાવું | ખાધું | ખાઉં છું | ખાઈશ |
| ૨ | | તર્યા | | |
| ૩ | | | | રમીશ |
| ૪ | વીણવું | | | |
| ૫ | | | ગાય છે | |
| ૬ | | દોડ્યો | | |
| ૭ | | | પીએ છે | |
| ૮ | | | | |

## લગભગ સરખા :

**તક**-લાગ, કોઈ કાર્યનો અનુકૂળ સમય; **ચટપટી થવી**-તાલાવેલી થવી; **ત્રાટક**-તાકીને એક જ સ્થાને જોવું; **ગાયબ**-ગુમ; **સાધના**-કોઈ કાર્યને સફળ કરવા માટે જરૂરી મહેનત; **મતવાલી**-મસ્ત; **બાથ ભીડવી**-મોટું કામ હિંમતભેર ઉપાડવું; **પળ**-સમય, (અહીં) તક; **લા'વો**-લહાવો (અહીં) લાભ; **ભભૂત**-રાખ; **આટો**-લોટ; **રસોઈ**-(અહીં) રાંધેલી વસ્તુ; **ખપે**-જોઈએ; **વૈરાગી**-સાધુ; **સરપાવ**-ઈનામ; **મનમોજીલા**-આનંદમાં; **જશ**-પરાક્રમો, ગુણ

## હસો અને ભજવો.

નીતા : એક જાદુગર પાસે ગુલાબજાંબુ ભરેલો ડબ્બો છે. તેને ખોલવા માટે તે શું કરશે?

ગીતા : આબરાકા ડાબરા? બોલશે?

નીતા : ના ઢાંકણ ખોલશે.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તને સાંભરે રે...

- કઈ પ્રવૃત્તિ એકદમ નવા પ્રકારની/જુદી હતી?
- અગાઉ, અત્યારે, હવે પછીની ક્રિયાઓ માટે કઈ નિશાનીઓ હતી?
- કયો પ્રશ્ન તમને અઘરો/સહેલો લાગ્યો?
- તમને બોલવું/સાંભળવું ગમે તેવું કયું વાક્ય/સંવાદ તમને યાદ છે? બોલો.
- વાર્તામાં તમે ધારી હોય તેના કરતાં કંઈ જુદી જ વાત આવે એવું બન્યું? ક્યારે? તમે શું ધારેલું?
- વાર્તામાં આવતાં બાળકોનાં નામ તમને યાદ છે? તમારા મિત્ર કે ભાઈબહેનમાંથી કોઈનું નામ એમાં છે?
- કેટલી વાર ગાયા પછી 'બમ બમ ભોલા' યાદ રહી ગઈ?
- કવિતા/વાર્તા/સંવાદની પ્રવૃત્તિ વખતે બૉર્ડ પર શું લખ્યું હતું?
- આ એકમ દરમ્યાન ઘરે જઈને તમે કઈ પ્રવૃત્તિઓ કરી હતી?
- 'જબરું કહેવાય!', 'આવુંય હોય?', 'આવું તો મેં ધાર્યું જ ન હતું' એવું તમને ક્યારે લાગ્યું?
- કઈ વાત/પ્રવૃત્તિ વખતે આપણે ખૂબ હસ્યા હતા/રડવા જેવા થઈ ગયેલા? ક્યારે તમને ખૂબ બીક લાગી હતી?
- કોણે પોતાના ઘર/ફળિયા/કુટુંબની વાત કહેલી? શી વાત હતી તે?
- આ એકમની કઈ વાત તમને એમ લાગે છે કે તમારી સાથે કે તમારા મિત્ર સાથે પણ એવું બને ખરું?
- તમે ગેરહાજર હો તે પછીના દિવસે વર્ગમાંથી કોઈએ તમને આ એકમની વાત કરી હતી? શી વાત કરી હતી?
- પાઠ શીખ્યા પછી કોઈ એવો જાદુ કે ચમત્કાર જોયો જેમાં શી હાથચાલાકી હશે તે તમને આપમેળે ખબર પડી ગઈ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in